# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# મોક્ષમાર્ગ કુગુરુની વાણીમાં કે સુગુરુના હૃદય કમળમાં ?

■ **શ્રી ગૌતમ સ્વામીની ગુરૂ પરંપરાએ 'શ્રી સુધર્માસ્વામીની પાટ'ના પ્રગટ લક્ષણ** ■

**દેહ અને આત્માની ભિન્નતા જાણવી**

**દેહ અને આત્માની ભિન્નતા માનવી**

**દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી.**

**એવા અનુભવીના આશ્રયે જવાથી બાળજીવ અનુભવી (અલ્પભવી) બને.**

**સુદેવ : મોક્ષમાર્ગના શાસ્ત્રોની રચના કરાવનાર પૂર્ણ જ્ઞાન પ્રકાશીત થયેલા શ્રી તીર્થંકર પરમાત્મા (ઈષ્ટદેવ) સુદેવ કહેવાય.**

**સુશાસ્ત્ર : જેમાં પૂર્ણ મોક્ષમાર્ગ રહેલો હોય અને એ માર્ગ પ્રકાશક શ્રી પરમાત્મા હોય એવા શાસ્ત્રને સુશાસ્ત્ર કહેવાય.**

**સુગુરૂ : આવા શાસ્ત્રને જેણે આત્મસાત કરેલા હોય અને જેની વાણીમાંથી શાસ્ત્ર વહેતું હોય, જેના વિચાર અને વર્તન શાસ્ત્રને અનુરૂપ હોય તેને સુગુરૂ કહેવાય.**

## જૈનો જાગો
રમેશ વૈજાણી

**લેખાંક : ૨૨**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણને સદ્‌ગુરૂ (સુગુરૂ) અને અસદ્‌ગુરૂ (કુગુરૂ)ની વિચારણા કરવાની જરૂર શા માટે પડી તેની વિચારણા કરીએ. ચોથા આરાના ભરત ક્ષેત્રના અંતિમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ભાખેલી વાણી અનુસાર

*** સત્સંગ ***

**હું કોઈ સંપ્રદાયમાં નથી, હું કોઈ ગચ્છમાં નથી, હું શ્રી મહાવીર સ્વામીના બોધેલા ધર્મમાં છું.**

**જીવને થાય સાચા સુગુરૂનો યોગ**

**બાળજીવો પામે શ્રી સુધર્માસ્વામીનો યુગ (ધર્મ)**

પાંચમાં આરામાં કેવળજ્ઞાનનો નિષેધ હોવાથી જૈન ધર્મના શાસ્ત્રોની સાચવણી, જાણકારી, સમજણ અને મોક્ષમાર્ગમાં ચલાવવાની લાયકાતવાળા (ગુણોથી) જ્ઞાની પુરૂષો થકી પાંચમાં આરાના અંત સુધી ગુરૂ પરંપરાએ મોક્ષમાર્ગ પ્રકાશીત રહેશે અને પરમાત્માએ આપેલી દેશના અને

**નિર્ધનને દૂર રાખવા, અર્થવાનને આગળ રાખવા એ ધર્મધ્યાન કે અર્થ ધ્યાન ?**

પરમાત્માએ આપેલા નવ તત્વોની સમજણ જ્ઞાની પુરૂષો થકી બાળજીવો પામશે. આ પ્રકારે જૈન ધર્મના શાસ્ત્રનો આધાર સાધુ ભગવંતો ગણાય અને સાધુ ભગવંતો વગર બાળજીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અત્યંત દુર્લભ બને. એ દુર્લભતા ટાળવા માટે આખી સંઘ વ્યવસ્થા પરંપરાએ ચાલે છે અને એ પરંપરાએ જે ગુરૂઓ પરમાત્માનો આપેલો બોધ (આત્મબોધ, સિધ્ધાંત બોધ) અને પરમાત્માએ પ્રકાશેલા નવ તત્વોની, જે ગુરૂઓ બાળજીવોમાં શ્રધ્ધા કેળવી શકે અને એ શ્રધ્ધામાં વધારો થાય એવા પ્રકારે જે ગુરૂઓ વર્તી શકે તે ગુરૂઓ સુગુરૂ કહેવાય અને એનાથી વિરુધ્ધનું જે ગુરૂઓ વર્તન કરે અને બોધ આપે તે કુગુરૂઓ કહેવાય.

આપણે શાસ્ત્રના આધારે પરમાત્માએ આપેલા બોધના આધારે આગળના લેખાંકોમાં સદ્‌ગુરૂ (સુગુરૂ)ની વિચારણા કરી હતી અને હવે કુગુરૂની વિશેષ મુખ્ય મુખ્ય પ્રગટ લક્ષણોની વિચારણા કરીએ.

**પરમાત્માએ આપેલા સિધ્ધાંતબોધનું અને પરમાત્માએ આપેલા નવ તત્વોનું સૌથી વધારે વિસ્મરણ કોણે કરાવ્યું ? કુગુરૂઓએ કે અધર્મીઓએ ?**

૧. જે ગુરૂ શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા બોધ(આત્મબોધ, સિધ્ધાંત બોધ)થી વિરુધ્ધનો બોધ આપે તેને કુગુરૂ કહેવાય.

૨. જે ગુરૂ વ્રત, તપ, જપ અને દાન આત્મદ્રષ્ટિ કે અહિંસકપણું લાવ્યા વગર કરાવે તેને કુગુરૂ કહેવાય.

૩. જે ગુરૂ તંત્ર, મંત્ર અને દેવદેવીઓની સાધના કરે અને કરાવે (શાસ્ત્રના નામે બાળજીવને ભયભીત કરાવે) તેને કુગુરૂ કહેવાય. (દેવદેવીઓની વંદના હોય, સાધના ન હોય.)

૪. જે ગુરૂ વિશેષ-વિશેષ અર્થને ઉપાર્જીત કરવાના ઉપાયો બતાવે તેને કુગુરૂ કહેવાય.

૫. જે ગુરૂ કાળ અને ક્ષેત્રના નામે સાધુ આચારની બહારનું વર્તન કરે તેને કુગુરૂ કહેવાય.

૬. જે ગુરૂ જુગાર થકી અર્થનું ઉપાર્જન કરતા હોય એવા બાળજીવોને શુકન સ્વરૂપે આશીર્વાદ આપતા હોય અને ધર્મના કાર્યોમાં તે અર્થ વપરાવે તેને કુગુરૂ કહેવાય. (જુગારને જગતના સર્વ મોક્ષમાર્ગી ધર્મોએ, સભ્ય સમાજે અને સંસ્કારી કુટુંબોએ પણ નિષેધ કરેલો છે. ધર્મની અણસમજથી બાળજીવે જુગારથી કેવા પાપો કર્યા અને એનું પ્રાયશ્ચિત કેવા સ્વરૂપે હોય તેનું યોગે કરીને ભાવી લેખાંકમાં વિચારણા કરીશું.)

**પદવીની પ્રાપ્તિએ પરિણામ પ્રાપ્ત ન થાય પણ પરિણામની પ્રાપ્તિએ પદવીપણું સહજ પ્રાપ્ત થાય.**

૭. જે ગુરૂ ચાર ગતિના ભવભ્રમણના કારણોને અનુરૂપ શુભાશુભ કાર્યો કરાવે (પૂણ્ય પ્રકૃતિ ગાઢ કરાવે) તેને કુગુરૂ કહેવાય.

૮. જે ગુરૂ ગુણવાનને બદલે અર્થવાનનો વિશેષ આદર અને બહુમાન કરે તેને કુગુરૂ કહેવાય.

૯. જે ગુરૂ વેષના આગ્રહથી બાળજીવોને સાચા જ્ઞાનથી દૂર રખાવે તેને કુગુરૂ કહેવાય. (મિથ્યાત્વી મિથ્યાત્વમાં રખાવે.)

૧૦. જે ગુરૂ કિંમતી પદાર્થોનો વપરાશ કરે તેને કુગુરૂ કહેવાય. (કલમ, ઘડીયાળ, ચશ્મા વિગેરે કિંમતી પદાર્થો.)

**શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ સાદી નવકારવાળીથી સિધ્ધ થાય કે કિંમતી નવકારવાળીથી સિધ્ધ થાય?**

૧૧. જે ગુરૂ સદોષ ગોચરી વાપરે તેને કુગુરૂ કહેવાય. (સાધુ સંપ્રદાયમાં નિર્દોષ ગોચરી સ્વિકાર્ય છે.)

૧૨. જે ગુરૂ લાયકાત વગરનાને શિષ્ય બનાવે (પોતાના શિષ્યની સંખ્યા વધારવા) તેને કુગુરૂ કહેવાય.

૧૩. જે ગુરૂ આરોગ્યના કારણ વગર એક સ્થળે વારંવાર રહે તેને શાસ્ત્રની વિરુધ્ધનું વર્તન કહેવાય. (મુંબઈ એક ગામ કહેવાય કે અનેક ગામ ?)

૧૪. જે ગુરૂ ધર્મના નામે પ્રાપ્ત કરેલા ધનને પોતાના સ્થાપેલા ટ્રસ્ટમાં રાખે તેને કુગુરૂ કહેવાય. (જેમાં પોતાના સંસારી સગા અથવા અંગત માણસો ટ્રસ્ટીઓ હોય)

**માથું મુંડાવાથી મુનિ ન કહેવાય, પણ મન મુંડવાથી (મનને ઈચ્છાઓમાંથી પાછું વાળવું) તેને મુનિ કહેવાય.**

૧૫. જે ગુરૂ ઉપધાન, પ્રતિષ્ઠા, દિક્ષા વિગેરે ધાર્મિક અનુષ્ઠાનો તેમજ ચાતુર્માસ વખતે સંઘ પાસેથી અર્થની ઉપજમાંથી અમુક હિસ્સો માંગે તેને કુગુરૂ કહેવાય.

૧૬. જે ગુરૂની વાણીમાં અહંકાર અને અભિમાન હોય તેને કુગુરૂ કહેવાય. (નમ્રતાવિહીન)

૧૭. જે ગુરૂ પોતાના ગુરૂનો અને પોતાના ગુરૂભાઈનો ઉપકારીપણું અને આદરભાવ ન ધરાવે અને પોતાના નામનો મહિમા વધારાવે તેને કુગુરૂ કહેવાય. (ગુરૂત્વના અભિમાનના કારણે)

૧૮. જે ગુરૂ જ્ઞાની પુરૂષોના લખાણ અને પુસ્તકોનો નિષેધ કરે તેને કુગુરૂ કહેવાય. (તે ગુરૂઓ મિથ્યાજ્ઞાનનો આદર કરે છે તેનો પ્રતિબંધ કરતા નથી જેમ કે શાળા અને કોલેજો, ન્યુસ પેપર, મેગેઝીન વિગેરે)

*** સત્સંગનું ફળ ***

**પાંચમાં આરામાં એક અવતારી કેટલા ? અને કઈ ગતિ ?**

**(ત્યાગી કેટલા અને સંસારી કેટલા ?)**

**પાંચમાં આરામાં કુગુરૂઓ કેટલા ? અને કઈ ગતિ ?**

**'કોની આરાધના અને કોની વિરાધના અને એનું ફળ શું ?'**

૧૯. જે ગુરૂ સંપ્રદાયમાં ચાલતા વિવાદોને નમ્રતાયુક્ત સમાધાન કરાવાને બદલે ન્યાય માટે રાજ્યાશ્રયમાં લઈ જઈને વિવાદને વધારે ઉગ્ર બનાવે અને ખોટા પુરાવાઓ આપે તેને કુગુરૂ કહેવાય. (શાસ્ત્રના નબળા અર્થઘટનો કરીને)

**વાંચન કોનું કરવું ? સમકિતીનું કે મિથ્યાત્વીનું ?**

**સમકિત વેશમાં કે જ્ઞાનમાં ?**

**વેશના આગ્રહે સાચા જ્ઞાનનો નિષેધ કરવાનું ફળ શું ?**

૨૦. વેષના આગ્રહે સાચા જ્ઞાની પુરુષ (શ્રાવક)નાં પુસ્તકોનાં વાંચનનો વિરોધ કરવો અને પંડીતો પાસેથી શાસ્ત્રની સમજણ લેવી, (સર્વ શ્રાવકોને મિથ્યાત્વી ગણે અને સર્વ પંડીતોને સમકિતી ગણે) આવું સમજનાર ગુરૂને શું કહેવાય ?

૨૧. જે ગુરૂની વાણીમાં અર્થનું, અનુષ્ઠાનોનું અને આયોજનોની સર્વ સમયે સમજણ પડેલી હોય તેને કુગુરૂ કહેવાય. (તે ગુરૂ સર્વ સમયે તર્ક વિતર્ક અને સંકલ્પ-વિકલ્પમાં રાચતા હોય)

૨૨. જે ગુરૂ વાર તહેવારે પુસ્તકો પ્રકાશીત કરે તેને માટે શું કહેવાય ? (સાચો સાધક આખા જીવનનાં ચિંતન-મનનનો સાર એક પુસ્તકમાં આપી શકે)

૨૩. જે ગુરૂ પ્રગટ દાનનો મહિમા વધારાવે (માન મેળવે અને માન આપે) અને શ્રાવકોને ભયભીત રખાવે (પાપભીરૂને બદલે ધર્મભીરૂ બનાવે) તેને કુગુરૂ કહેવાય. (શાસ્ત્રમાં ગુપ્તદાન અને અભયદાનને શ્રેષ્ઠદાનો કહ્યા છે.)

૨૪. જે ગુરૂ શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકાર, જૈન ધર્મના શાસ્ત્રોનો ઉપકાર અને શ્રાવકોનો ઉપકાર (સંઘનો ઉપકાર) ન સ્વીકારી શકે તેને કુગુરૂ કહેવાય. (સંઘની સાથે વિનય-વિવેક રહીત વર્તવું, અને અહંકાર, અભિમાન અને ત્યાગનો ગર્વ કરીને ડરાવવા)

જે સંઘ સાધુ સંપ્રદાય માટે પોતાના અર્થનો અને સમયનો અને શારીરિક શ્રમ વેઠીને સાધુ સંપ્રદાય માટે આહાર-વિહારની અને રહેણાંકની સર્વોત્તમ અનુકુળતાઓ કરી આપવા છતાં શ્રાવકોનું ઉપકારીપણું ન સ્વીકારવું અને શ્રાવકો સાથે નમ્રતા સહીતનું વર્તન ન કરે તો તેને શું કહેવું ?

ઉપર જણાવ્યા પ્રમાણેના મુખ્ય મુખ્ય લક્ષણો કુગુરૂના કહેવાય અને વિશેષ લક્ષણોની વિચારણા યોગે કરીને ભાવી લેખાંકમાં કરીશું.

શ્રી તીર્થંકર પરમાત્માએ પાંચમાં આરા માટે ભાખેલી વાણીને મોક્ષમાર્ગની ઝુરણાવાળા બાળજીવોએ ખાસ જાણકારી મેળવવી કે પાંચમાં આરામાં કેટલી સંખ્યામાં કુગુરૂઓ થશે અને તે કુગુરૂઓ દેહ છોડીને કઈ ગતિમાં જશે તેની સમજણ, સંખ્યા અને ગતિની વિગતવાર જાણકારી શાસ્ત્રમાં આપેલી છે. તેની વિશેષ સમજણ બાળજીવોએ ધર્માચાર્યો પાસેથી મેળવવી અને પછી બાળજીવોએ પોતાના સ્વકલ્યાણ માટે કોને અને કેવી રીતે અનુસરવું તેનો વિચાર બાળજીવોએ કરવો.

**"શ્રાવક પોતાનાં કર્તવ્યનું પાલન કરે તો સાધુપણાનું કર્તવ્ય શું?"**
**બાળજીવોને સાચા મોક્ષમાર્ગની સમજણ આપીને બાળજીવોને મોક્ષમાર્ગમાં મુકવા કે અનંત ભવ ભ્રમણમાં ભટકાવવા ?**
**સાધુનું પેટ જગતના કલ્યાણ અર્થે હોય છે.**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.